
ફ્રેડરિક ડગ્લાસ



ચાર્લ્સ પી. ગ્રેવ્સ


ચિત્ર: જોએલ સ્નાઈડર

ફ્રેડરિક ડગ્લાસ

પુસ્તક વિષે


જયારે ફ્રેડરિક ડગ્લાસ નાના હતા, તો એને "ગુલામ" શબ્દનો અર્થ પણ ખબર ન હતો. પછી એક દિવસ એની દાદી એને ઓલ્ડ માસ્ટર પાસે લઈ ગયા, જે ફ્રેડની માઁ અને બીજા ઘણા ગુલામોના માલિક હતા. ફ્રેડને તનતોડ મહેનત કરવી પડતી હતી અને ઘણી વાર ઠંડી અને ભૂખ લાગતી હતી. એને ખબર પડી કે ગુલામીપ્રથા ખોટી હતી.

ફ્રેડે પોતે લખતા-વાંચતા શીખ્યું. પછી એ ઉત્તર તરફ ભાગી ગયા અને એક સ્વતંત્ર વ્યક્તિ બની ગયા. પણ એ એના એવા લોકોને ભૂલ્યા નહીં, જે હજી પણ ગુલામ હતા. એનું બાકીનું જીવન, એણે બીજાને સ્વતંત્રતા અપાવવામાં અને સારું જીવન જીવવામાં મદદ કરીને વિતાવ્યું. ફ્રેડરિક ડગ્લાસ અશ્વેત લોકો અને બધા અમેરિકન નાગરિકો માટે એક મહાન નાયક હતા.




ફ્રેડરિક ડગ્લાસ

ચાર્લ્સ પી. ગ્રેવ્સ
ચિત્ર: જોએલ સ્નાઈડર



ફ્રેડ તળાવને કિનારે માછલી પકડી રહ્યો હતો. એણે કોઈ માછલી પકડી ન હતી, પણ એને એનો કોઈ અફસોસ ન હતો. ગરમીના તાપમાં એના ઉઘાડા ભૂરા પગને પાણીમાં બોળીને બેસવાનું કેટલું આરામદાયક હતું.



ફ્રેડ એના દાદા-દાદી સાથે પૂર્વીય મેરીલેન્ડમાં રહેતો હતો. એ બધા ગુલામ હતા. એ એક મોટા ખેતરના કિનારે એક ઝૂંપડીમાં રહેતા હતા.



ફ્રેડની માઁ પણ એક ગુલામ હતી. માઁ ને ઘણા માઈલ દૂર એક ખેતરમાં દિવસભર કામ કરવું પડતું હતું. એને એના દીકરાને મળવા માટે લગભગ ક્યારેય સમય મળતો ન હતો. ફ્રેડ એની માઁ ને ભાગ્યે જ જાણતો હતો. અને એ એના પિતાને તો સાવ જાણતો જ ન હતો. ફ્રેડ બસ એટલું જાણતો હતો કે એનો જન્મ 1817 માં થયો હતો અને એનું આખું નામ ફ્રેડરિક ઓગસ્ટસ વોશિંગટન બેઈલી હતું.

ફ્રેડ જે ઝૂંપડીમાં રહેતો હતો, એમાં કોઈ બારીઓ ન હતી. ભોંય માટીની બનેલી હતી. પણ ફ્રેડને એ એક મહેલ જેવી લાગતી હતી. એની દાદી દયાળુ હતા, અને એ ખુશ હતો.

જયારે ફ્રેડ નાનો હતો, ત્યારે એને માટે "ગુલામ" શબ્દનો કોઈ અર્થ ન હતો. પણ એક દિવસ એને ખબર પડી કે એ ઝૂંપડી એના દાદા-દાદીની ન હતી. એ એક એવા માણસની હતી જેને એ ઓલ્ડ માસ્ટર કહેતા હતા.



ઓલ્ડ માસ્ટર ફ્રેડના દાદા-દાદી, એની માઁ અને ફ્રેડનો પણ માલિક હતો. ગુલામો પાસે પોતાના કોઈ અધિકાર ન હતા.




ફ્રેડે ઓલ્ડ માસ્ટરને ક્યારેય જોયો ન હતો, કારણકે એ બાર માઈલ દૂર એક મોટા ઘરમાં રહેતો હતો. ફ્રેડની દાદીએ કહ્યું હતું કે જયારે એ મોટો થઇ જશે ત્યારે એને પણ ઓલ્ડ માસ્ટર માટે કામ કરવું પડશે. ફ્રેડની ઈચ્છા હતી કે એ જીવનભર નાનો જ રહે.

એક સવારે જયારે ફ્રેડ છ વરસનો હતો, એની દાદીએ એને જલ્દી ઉઠાડયો. દાદીએ એને કહ્યું કે એ એક યાત્રા પર જઇ રહ્યા છે. માઈલો સુધી એ જંગલમાં ચાલ્યા. ક્યારેક ફ્રેડની દાદી એને તેડી લેતા.

આખરે, એ એક મોટા ઘર પાસે પહોંચ્યા. એ ઓલ્ડ માસ્ટરનું ઘર હતું.





જયારે ફ્રેડ અને એની દાદી ઘર પાસે પહોંચ્યા, તો ઘણા ગુલામ બાળકો દોડીને એની પાસે આવ્યા. "જા, બાળકો સાથે રમ," એની દાદીએ ફ્રેડને કહ્યું.




બાળકો ફ્રેડને ઘરની પાછળ લઈ ગયા. પણ ફ્રેડ રમવા માટે તૈયાર ન હતો. એ બહુ ચિંતિત હતો. શું હવે ઓલ્ડ માસ્ટર માટે કામ કરવાનો એનો સમય આવી ગયો હતો?


અચાનક એક બાળકે કહ્યું, "ફ્રેડ, તારી દાદી જતી રહી છે."

ફ્રેડ જમીન પર પડી ગયો અને રડવા લાગ્યો. એ રાતે એ રડતા-રડતા સૂઈ ગયો. ગુલામીએ એની દાદી એનાથી છીનવી લીધી હતી.



બીજે દિવસે ફ્રેડને કામ પર લગાવી દેવામાં આવ્યો. એ અને એના જેવા બીજા યુવાન ગુલામ છોકરાઓ ગાયોને ચરાવા લઈ જતા અને પાછા લઈ આવતા હતા. એ આંગણાની સફાઈ કરતા અને ઓલ્ડ માસ્ટરની વિવાહિત દીકરી, મિસિસ થોમસ ઑલ્ડ માટે સોંપેલા કામ કરતા.






રાતે ફ્રેડ રસોડાની કોટડીમાં સૂતો હતો. એની પાસે રજાઈ ન હતી, અને જયારે હવામાન ઠંડુ હોય, ત્યારે એ ઠંડીથી લગભગ ઠરી જતો હતો.



ઓલ્ડ માસ્ટરની રસોઈયણ, કેટી કાકી નામની એક ગુલામ, ફ્રેડ અને બીજા બાળકોની દેખભાળ કરતી હતી. એને ફ્રેડ ગમતો ન હતો. ક્યારેક એ એને જમવાનું પણ આપતી ન હતી. ત્યારે ફ્રેડને કૂતરાનું ખાવાના ટૂકડા ચોરવા પડતા હતા. નહીં તો એ ભૂખ્યો મરી જાત.


ફ્રેડને ગુલામીથી નફરત હતી. એક દિવસ એક જુવાન મહિલાના રડવાના અવાજથી એની ઊંઘ ઉડી ગઇ. એણે એના દરવાજાની તિરાડમાંથી ઝાંક્યુ. ઓલ્ડ માસ્ટર એક મહિલાને ચામડાના કોરડાથી ફટકારી રહ્યો હતો. મહિલાની પીઠ પર લાગેલા જખમમાંથી લોહી વહી રહ્યું હતું.




ઓલ્ડ માસ્ટરે કહ્યું કે ઈશ્વરે અશ્વેત લોકોને ગુલામ બનવા માટે જ બનાવ્યા હતા. ફ્રેડને એ વાત પર વિશ્વાસ ન બેઠો.

પછી એને ખબર પડી કે બધા અશ્વેત લોકો ગુલામ ન હતા. એમાંથી ઘણા આઝાદ હતા. ખેતરના બે ગુલામ ઉત્તર તરફ ભાગી ગયા હતા. ઉત્તરી રાજ્યોમાં ગુલામીની અનુમતિ ન હતી. દક્ષિણમાં થોડા નીગ્રો આઝાદ હતા. એને આઝાદી એ ગોરા લોકોએ આપી હતી જે માનતા હતા કે ગુલામી ખોટી છે. ફ્રેડ પણ આઝાદ થવા ચાહતો હતો.

જયારે ફ્રેડ નવ વરસનો થયો, તો એના માલિકે એને બાલ્ટીમોર મોકલી દીધો. ત્યાં એ મિસ્ટર થોમસ ઑલ્ડના ભાઈ, હ્યુ અને એની પત્ની માટે કામ કરતો હતો. એનો દીકરો ટોમી, થોડાક જ વર્ષનો હતો. ફ્રેડનું કામ ટોમીની દેખભાળ કરવાનું હતું.





શરૂઆતમાં, ફ્રેડ બાલ્ટીમોરમાં ખુશ હતો. એને ટોમી ગમતો હતો અને મિસિસ ઑલ્ડ દયાળુ હતા. એ ઘણી વાર ટોમી અને ફ્રેડને બાઇબલ વાંચીને સંભળાવતા હતા.

ફ્રેડે વિચાર્યું કે ભણવાનું કેટલું અદ્દભુત હશે. એણે મિસિસ ઑલ્ડને પૂછ્યું કે શું એ એને ભણાવશે. મિસિસ ઑલ્ડ માની ગયા.

ફ્રેડે જલ્દી ઘણું બધું શીખી લીધું. એને વર્ણમાળા આવળી ગઈ અને હવે એ નાના શબ્દો પણ ઓળખી શકતો હતો. એને પોતાના પર ગર્વ હતો.






એક રાતે મિસિસ ઑલ્ડે એના પતિને જણાવ્યું કે એ ફ્રેડને વાંચતા શીખવાડી રહી છે. એ સાંભળીને મિસ્ટર ઑલ્ડ બહુ નારાજ થયા. એણે એની પત્નીને કહ્યું કે કોઇ ગુલામને લખતા-વાંચતા શીખવાડવું, કાયદાની વિરુદ્ધ હતું.

"ભણતર દુનિયાના સૌથી સારા ગુલામને પણ બગાડી દેશે," એણે આગળ કહ્યું. "જો તું એને વાંચતા શીખવાડીશ, તો લખતા શીખવાનું ચાહશે અને પછી એ ભાગી જશે."




ફ્રેડે મિસ્ટર ઑલ્ડની બધી વાત સાંભળી. એને લાગ્યું કે વાંચતા શીખવું, આઝાદી તરફ પહેલું પગલું હતું. હવે એ પહેલાથી ઘણું વધારે વાંચતા શીખવા ચાહતો હતો.





ફ્રેડ જૂના સમાચારપત્રો ભેગા કરતો હતો અને એને વાંચવાની કોશિશ કરતો હતો. પણ જ્યારે પણ મિસિસ ઑલ્ડ એને છાપાં સાથે જોતી, તો એ એને છીનવી લેતી. ક્યારેક ફ્રેડ નજીક રહેતા ગોરા છોકરાઓ સાથે રમતો હતો. એ સ્કૂલ જતા હતા અને ફ્રેડને વાંચવામાં મદદ કરતા હતા.

ગોરા છોકરાઓએ ફ્રેડને એક જોડણીનું પુસ્તક આપ્યું. એને જ્યારે પણ મોકો મળતો, તો એ એને વાંચતો હતો.



થોડા સમયમાં ફ્રેડ એક સારો વાચક બની ગયો. જયારે એ તેર વરસનો હતો, તો એણે બુટપોલિશ કરીને થોડા પૈસા ભેગા કર્યા. એણે એ પૈસા એક ચોપડી ખરીદવા માટે ખરચ્યા. એમાં ઘણા અધ્યાય ગુલામી વિરુદ્ધ હતા.






"ગુલામ માલિક તો બસ એક લૂંટારાનો સમૂહ છે," ફ્રેડે ચોપડી વાંચીને મનમાં કહ્યું. "એ મારા માણસોને ચોરવા માટે આફ્રિકા ગયા હતા."



ક્યારેક ફ્રેડે મિસ્ટર અને મિસિસ ઑલ્ડને અબોલિશનીસ્ટ્સ (ગુલામીની પ્રથા નાબૂદ કરવાની ચળવળના હિમાયતીઓ) વિષે ગુસ્સામાં વાત કરતા સાંભળ્યા. ફ્રેડને એ શબ્દના અર્થની ખબર ન હતી. એણે છાપાંમાં વાંચ્યું હતું કે એબોલિશનીસ્ટ્સ એ લોકો હોય છે જે ગુલામોને આઝાદ કરવા ચાહે છે.


જયારે ફ્રેડને અબોલિશનીસ્ટ્સ વિષે ખબર પડી તો એ બહુ ખુશ થયો. હવે એનામાં આશા જાગી હતી કે એક દિવસ બધા ગુલામ આઝાદ થઈ જશે.



જયારે ફ્રેડ આઝાદીના સપના જોઈ રહ્યો હતો, ત્યારે એને એક ખરાબ સમાચાર મળ્યા. ઓલ્ડ માસ્ટરનું મૃત્યુ થઈ ગયું હતું. હવે હ્યુ ઑલ્ડનો ભાઈ થોમસ, ફ્રેડનો માલિક બની ગયો હતો. એણે ફ્રેડને મેરીલેન્ડના એ હિસ્સામાં પાછો મોકલી દીધો, જ્યાં એનો જન્મ થયો હતો.

થોમસ ઑલ્ડ એક નીચ માણસ હતો. જયારે એણે ફ્રેડને બીજા ગુલામોને વાંચતા શીખવાડતો જોયો, તો એ બહુ ગુસ્સે થયો. એને લાગ્યું કે ફ્રેડ બહુ ઘમંડી છે.






થોમસ ઑલ્ડે ફ્રેડને કોવે નામના માણસ પાસે કામ કરવા મોકલ્યો. કોવે ગુલામ તોડનાર તરીકે જાણીતો હતો. એણે ફ્રેડ જેવા આઝાદી-પ્રેમી ગુલામોનું મનોબળ તોડવાની કોશિશ કરી.



કોવેએ ફ્રેડને ઘણીવાર કોડા ફટકાર્યા. એક દિવસ ફ્રેડે મનસૂબો કરી લીધો કે એ હવે કોવેને વધારે માર મારવા નહીં દે.

એક દિવસ કોવેએ ફ્રેડને રસ્સીથી બાંધવાની કોશિશ કરી જેથી એ એને ફરીથી કોડા મારી શકે. ફ્રેડે કોવેને પકડીને જમીન પર પટકી દીધો.


ફ્રેડ અને કોવે બે કલાકથી વધારે લડતા રહ્યા. પછી કોવેએ હાર માની લીધી. એ ફ્રેડનું મનોબળ ક્યારેય તોડી ન શક્યો.




ત્રણ વરસ દેશમાં રહ્યા પછી થોમસ ઑલ્ડે ફ્રેડને બાલ્ટીમોર પાછો મોકલી દીધો. એ ચાહતો હતો કે ફ્રેડ કોઈ નવું કામ શીખે. પછી એનો માલિક એને બીજા લોકોને ત્યાં કામ પર રાખી શકતો હતો.

ફ્રેડ ફરી બાલ્ટીમોર આવીને ખુશ હતો. એ ઉત્તરની વધારે નજીક હતું અને આઝાદીની પણ વધારે નજીક હતું.






ફ્રેડ એક જહાજવાડામાં કામ કરવા ચાલ્યો ગયો. એ જે પણ પૈસા કમાતો હતો, એ એના માલિકને આપતો હતો. હવે ફ્રેડ એના ભાગવાની યોજના બનાવવા લાગ્યો.



ઉત્તર તરફ જવાવાળી ટ્રેનમાં સવાર થવા માટે એને એક એવા કાગળની જરૂર હતી જેમાં લખ્યું હોય કે એ આઝાદ છે. જો એની પાસે એવો કાગળ ન હોય, તો એને એના માલિક પાસે પાછો મોકલી દેવામાં આવત.

ફ્રેડે ઘણા આઝાદ નીગ્રો પુરુષો અને મહિલાઓ સાથે દોસ્તી કરી. એ ફ્રેડને એના કાગળ ઉધાર આપવા તૈયાર હતા. પણ એના કાગળો પર એના ચહેરા અંકિત હતા. એમાંથી કોઈ ફ્રેડ જેવા દેખાતા ન હતા. એની સૌથી સારી મિત્ર અન્ના મરે નામની એક આઝાદ સ્ત્રી હતી. એ કોઈ મહિલાના કાગળનો ઉપયોગ જરાય કરી શકે એમ ન હતો.







ફ્રેડના એક મિત્ર પાસે નાવિકનો એક પાસ હતો જેના પર એ યાત્રા કરી શકતો હતો. એણે ફ્રેડને એનો ઉપયોગ કરવા કહ્યું.

1838 ની એક સવારે, ફ્રેડે નાવિક જેવા કપડાં પહેર્યાં. એણે લાલ ખમીસ અને એક મોટી કાળી ટાઇ પહેરી હતી.






પછી ફ્રેડ સ્ટશન પર ગયો, અને એ ઉત્તર તરફ જનારી ટ્રેનમાં ચઢ્યો. જયારે કન્ડકટર એની પાસે રોકાયો, તો એના ધબકારા વધી ગયા. શું એ નાવિકનો પાસ લઇને ભાગી શકતો હતો? અથવા એને ફરી ગુલામીમાં પાછા ફરવું પડશે?

"હું ધારું છું કે તારી પાસે તારા મફત પ્રવાસના કાગળ છે," કન્ડકટરે કહ્યું.

ફ્રેડે એને નાવિકનો પાસ દેખાડયો. સૌભાગ્યથી, કન્ડકટરે એને ધ્યાનથી જોયો નહીં. એણે કાગળ ફ્રેડને પરત કર્યો અને એના રસ્તે ચાલ્યો ગયો.

જયારે ફ્રેડ ન્યુયોર્ક શહેરમાં વસ્યો, તો એણે અન્ના મરેને બોલાવી. એ બંનેએ લગ્ન કર્યાં. પછી એ ન્યુ બેડફર્ડ, માસાચુસેટ્સ ગયા અને બીજા એક નીગ્રો પરિવાર, જોન્સન સાથે રહેવા લાગ્યા. ફ્રેડ ઘણો સુરક્ષિત મહેસુસ કરી રહ્યો હતો. પણ એ જાણતો હતો કે ઉત્તરમાં થોડા ગુલામ-શિકારી પણ હતા.

એ લોકોને ભાગેડુ ગુલામોને એના માલિક પાસે પાછા પહોંચાડવા માટે પૈસા મળતા હતા. જો ફ્રેડ બેઈલીના નામનો ઉપયોગ કરત, તો ગુલામ-શિકારી એને શોધી શકતા હતા.









મિસ્ટર જોહન્સને સૂચવ્યું કે ફ્રેડ એનું ઉપનામ બદલીને ડગ્લાસ રાખી લેય. મિસ્ટર જોહન્સને જે પુસ્તક વાંચ્યું હતું, એમાં ડગ્લાસ એક કુલીન વ્યક્તિ હતી. પછી ફ્રેડને જીવનભર ફ્રેડરિક ડગ્લાસના નામથી જાણવામાં આવ્યો.


થોડા સમયમાં અન્ના અને ફ્રેડરિકનું પોતાનું એક ઘર થઈ ગયું. ફ્રેડરિક એક મજૂર તરીકે એની આજીવિકા કમાતો હતો. પોતાની કમાણીના પૈસા બચાવીને એને બહુ સારું લાગ્યું.



1841 માં ફ્રેડરિક એક ગુલામી-વિરુદ્ધ સભામાં ગયો. એને બોલવા માટે કહેવામાં આવ્યું. એણે એક ગુલામ તરીકેનું એના જીવનનું વર્ણન કર્યું અને જણાવ્યું કે ગુલામી કેટલી ભયંકર હતી.



સભામાં હાજર લોકો એના ભાષણથી ઉત્સાહિત થયા. એણે એને અન્ય જગ્યાઓએ પણ ગુલામી-વિરોધી ભાષણો આપવા માટે કહ્યું.




ફ્રેડરિક જાણતો હતો કે એ જોખમકારક હોઈ શકે છે. બની શકે છે કે એના માલિકને એ ભાષણો વિષે ખબર પડે અને એ એને શોધી લે. પણ જો એ ભાષણોથી ગુલામી નાબૂદ કરવામાં મદદ મળી શકે એમ હોય, તો એ આ જોખમ લેવા તૈયાર હતો.



થોડા સમયમાં ફ્રેડરિક એક બહુ સારો વક્તા બની ગયો. લોકો એનો શક કરવા લાગ્યા - કે એ હકીકતમાં ગુલામ હતો, કે નહીં. એમણે કહ્યું કે ન તો એ ગુલામોની જેમ બોલતો હતો અને ન તો દેખાતો હતો.

"એ અમને એ નથી કહેતો કે એ ક્યાંથી આવ્યો છે, એના માલિકનું નામ શું છે, અથવા એ કેવી રીતે ભાગીને આવ્યો છે," એમણે કહ્યું.

ફ્રેડરિકે ગુલામ-શિકારીઓથી બચવા માટે આ વાતો ગુપ્ત રાખી હતી.



લોકોને એ વિશ્વાસ આપવા માટે કે એ ગુલામ હતો, ફ્રેડરિકે એના જીવન વિષે એક પુસ્તક લખ્યું. એમાં એણે પોતાનું અસલી નામ અને એના માલિકનું નામ લખ્યા.

ફ્રેડરિકની ચોપડી મેરીલેન્ડમાં વાંચવામાં આવી. હવે એના પકડાઇ જવાનો અને માલિક પાસે પાછા મોકલી દેવાનો ભય હતો.




એના મિત્રોએ એને ઇંગ્લેન્ડ જવાનું કહ્યું. ત્યાં એ ગુલામ-શિકારીઓની પહોંચથી બહાર થઇ જશે.

અંગ્રેજ લોકો ફ્રેડરિક ડગ્લાસની પ્રશંસા કરવા લાગ્યા. એમણે એના માલિક પાસેથી એની આઝાદી ખરીદી લેવા માટે પર્યાપ્ત ધન ભેગું કર્યું. હવે ફ્રેડરિક અમેરિકા પાછો આવી શકતો હતો. એ બધા ગુલામોને આઝાદ કરાવવાના એના કામમાં લાગી શકતો હતો.







ફ્રેડરિક રોચેસ્ટર, ન્યુયોર્ક ગયા અને ત્યાં એણે એક ગુલામી વિરોધી વર્તમાનપત્ર ચાલુ કર્યું. રોચેસ્ટરમાં રહીને, એણે ઘણા ભાગેડુ ગુલામોને કેનેડા પહોંચવામાં મદદ કરી.




કેનેડા ભાગી ગયેલા ગુલામોને એના માલિક પાસે પાછા મોકલવાની પરવાનગી આપતું ન હતું. ફ્રેડરિકના પરિવારે પણ નાસી ગયેલા ગુલામોની મદદ કરી. હવે એના ઘણા બાળકો હતા.

1860 ના દશકામાં, ઉત્તર અને દક્ષિણ વચ્ચે ગૃહયુદ્ધ ચાલુ થયું. ફ્રેડરિકને ખાતરી હતી કે યુદ્ધનો અંત ગુલામોની આઝાદી સાથે થશે. એણે સરકાર પાસેથી ઉત્તરી સેનામાં આઝાદ નીગ્રો લોકોને લડવાની અનુમતિ અપાવી. યુદ્ધમાં જવાવાળા પહેલા લોકોમાં એના બે દીકરા હતા.









યુધ્ધ દરમ્યાન ફ્રેડરિક રાષ્ટ્રપતિ એબ્રાહમ લિંકન સાથે નીગ્રો સૈનિકો વિષે વાતચીત કરવા વ્હાઇટ હાઉસ ગયા. એ અને રાષ્ટ્રપતિ સારા મિત્રો બની ગયા.

યુધ્ધ ઉત્તરની જીત સાથે સમાપ્ત થયું અને બધા ગુલામ આઝાદ થઈ ગયા. ફ્રેડરિક એના જીવનમાં કોઈ પણ વસ્તુને લઈને આટલા ખુશ ક્યારેય થયા ન હતા.



એને હજી પણ ઘણું કામ કરવાનું હતું. એણે એનું બાકીનું જીવન બીજાની મદદ કરવામાં વિતાવ્યું. એણે પહેલાના દાસોને સ્વતંત્રતાના આશીર્વાદનો આનંદ લેવામાં મદદ કરી. અને એણે ઘણા મહત્વપૂર્ણ સરકારી પદ પર કાર્યો કર્યા.





ફ્રેડરિક ડગ્લાસ નું 1895 માં નિધન થઇ ગયું. એણે કરેલા મહાન કાર્યોએ બધા અમેરિકનોને સ્વતંત્રતાની લડાઇ લડવામાં મદદ કરી.